| | | | | |
|---|---|---|---|---|
| Presented on | : | 03-10-2023 | | |
| Registered on | : | 03-10-2023 | | |
| Decided on | : | 27-04-2026 | | |
| Duration | : | Years | Months | Days |
| | | 02 | 06 | 24 |

**IN THE COURT OF 2 nd ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. AT, BHAVNAGAR**

**(Presided Over by J.P.Prajapati)**

**CC/11590/2023**

**Exhibit No.**

| | |
|---|---|
| ફરિયાદી:- | **ઉમેશભાઇ રુડાભાઇ સાંગા**<br>રહે. રામજી મંદિર પાસે,<br>ગામ-ઉંડવી,તા.જિ.ભાવનગર |
| ફરિયાદપક્ષે:- | વિ.વકિલશ્રી એસ.એમ.રાધનપુરી |
| આરોપી:- | **રાજ ખોડલ પેટ્રોલીયમના પ્રોપરાઇટર**<br>**મંગળસિક્કા રેખાબેન અશોકભાઇ**<br>રહે.એફ-૭૪, ગાયત્રીનગર,<br>કે.ડી.પ્રાથમિક શાળા પાસે,<br>દાદાની વાવ, સિહોર,જિ.ભાવગનર |
| બચાવપક્ષે:- | વિ.વકિલશ્રી આર.વી.પરમાર |

| | |
|---|---|
| ગુનાની તારીખ:- | --- |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ :- | --- |
| આખરી અહેવાલ / ફરિયાદ રજુ થયા તારીખ:- | ૦૩/૧૦/૨૦૨૩ |
| તહોમતનામુ/પ્લી ઘડ્યા તારીખ:- | ૦૬/૧૧/૨૦૨૩ |
| પુરાવો શરુ કર્યા તારીખ:- | ૩૦/૦૯/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | ૦૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:- | ૨૭/૦૪/૨૦૨૬ |
| આખરી હુકમ:- | સજા કરી |

**// આરોપીની વિગત//**

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકતીની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા, સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **મંગળસિક્કા રેખાબેન અશોકભાઇ** | - | - | નેગો કલમ-૧૩૮ | સજા કરી | એક વર્ષ | -- |

**-: ચુકાદાનું પરિશિષ્ટ:-**

ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી

**અ. ફરિયાદપક્ષ**

| અનુ. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ફરિયાદી **ઉમેશભાઇ રુડાભાઇ સાંગા**નું પુરાવાનું સોગંદનામું | ૧૪ | ફરિયાદી |
| ૨ | કુમારવિશાલ અવધેશનંદન સહાયની જુબાની | ૨૮ | સાહેદ |

**બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો**

| અનુ. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | - | - | - |

**ક.અદાલતના સાક્ષી, જો હોય તો**

| અનુ. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

**અ. ફરિયાદપક્ષ**

| અનુ. | આંક | દસ્તાવેજ |
|---|---|---|
| ૧ | ૧૮ | અસલ ચેક નં.૪૩૦૫૩૦ |
| ૨ | ૧૯ | લીગલ નોટિસ |
| ૩ | ૨૦ | પોસ્ટની રસીદ |
| ૪ | ૨૧ | પરત આવેલ કવર |
| ૫ | ૨૯ | રીટર્ન મેમો |

**બ.બચાવપક્ષ**

| અનુ. | આંક | વર્ણન |
|---|---|---|
| - | - | - |

**ક.અદાલતી સાક્ષી**

| અનુ. | આંક | વર્ણન |
|---|---|---|
| - | - | - |

**ડ.ભૌતિક પદાર્થ**

| અનુ. | આંક | વર્ણન |
|---|---|---|
| - | - | - |

## JUDGMENT

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરૂધ્ધનું તહોમત:**

**૦૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** ફરિયાદી ટ્રક ધરાવતા હોય અને આરોપીનું ભાવનગર-રાજકોટ હાઇવે ઉપર રાજ ખોડલ પેટ્રોલીયમના નામે પેટ્રોલપંપ આવેલ હોય ફરિયાદી અવાર નવાર તેઓની ગાડીમાં પેટ્રોલ ડીઝલ પુરાવતા હોય આરોપી સાથે ઓળખાણ થયેલી અને સારો એવો પરીચય થયેલો. આરોપીએ ફરિયાદી પાસેથી ધંધાના વિકાસ માટે નાણાંની માંગણી કરતા ફરિયાદીએ આરોપીને રૂા.૯,૦૦,૦૦૦/- પુરા આપેલા, જે પૈકી રૂા.૫,૦૦,૦૦૦/- આર.ટી.જી.એસ. મારફતે તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ તથા રૂા.૪,૦૦,૦૦૦/- તા.૦૭/૦૯/૨૦૨૨ નારોજ રોકડા આપેલા.ફરિયાદીએ નાણાંની માંગણી કરતા આરોપીએ એસ.બી.આઇ. વરતેજ શાખાનો રૂા.૫,૦૦,૦૦૦/- નો ચેક નં.૪૩૦૫૩૦ તા.૨૦/૦૭/ ૨૦૨૩ નારોજનો ચેક આપેલો. ફરિયાદીએ સદરહુ ચેક તેઓની બેંકમાં જમા કરાવતા સદર ચેક "ફંડસ ઇનસફીશીયન્ટ"ના શેરા સાથે પરત ફરતા

ફરિયાદી એ તેમના વકીલ મારફતે આરોપીને તા.૨૧/૦૮/૨૦૨૩ નારોજ લીગલ નોટિસ આપેલ, જે નોટિસ આરોપીને લેફ્ટના શેરા સાથે પરત આવેલ. આમ, સદર નોટિસ આરોપીને બજી ગયેલ હોવા છતા ચેકની રકમ પરત કરેલ નથી અને નોટિસ નો કોઇ જવાબ આપેલ નથી. જેથી ફરિયાદીએ સદર ફરિયાદ ધી નેગો. ઇન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ અન્વયે કરેલ છે.

**કોર્ટ કાર્યવાહી:**

**૦૨.** **(૨.૧)** આ કામે હાલની ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ થતા, મારા પુરોગામી વિ.એડી.ચીફ. જયુડી.મેજી.સાહેબે આરોપી વિરૂધ્ધ નેગો. ઇન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાનું કોગ્નીઝન્સ લઇ પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલો અને આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થતા, ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ ફરિયાદપક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૨.૨)**જે બાદ આરોપીને તેઓ સામેના ગુનાનો સારાંશ વાંચી, સમજાવી, સંભળાવી **આંક-૭** થી સમન્સ ટ્રાયેબલ ફોર્મમાં પ્લી રેકર્ડ કરેલ છે. જે બાદ ફરિયાદપક્ષે તેઓના કેસની હકીકતો પુરવાર કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**(૨.૩)** ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટના પ્રકરણ -૧૭ ની કલમ-૧૪૩ અન્વયના ગુનાને લગત કેસોની કાર્યવાહી સમરી ટ્રાયલથી ચલાવવા જોગવાઇ કરેલ છે. જેથી ક્રિ.પ્રો.કોડ.ક.૩૨૬ અન્વયે જ્યારે સમરી ટ્રાયલમાં એક મેજીસ્ટ્રેટ દ્વારા અંશત: પુરાવો નોંધવામાં આવેલ હોય અને કોઇ સંજોગોમાં મેજીસ્ટ્રેટશ્રી બદલાય તો અગાઉના મેજીસ્ટ્રેટશ્રીએ નોંધેલ પુરાવા પર આધાર રાખી શકે નહી તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. હાલના કામે કેસનો પુરાવો અગાઉના વિ.ન્યાયાધીશ સમક્ષ રેકર્ડ થયેલ છે. પરંતુ, સદર કામે આરોપીની પ્લી સમન્સ ટ્રાયેબલ ફોર્મમાં રેકર્ડ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે રજુ કરેલ સાહેદોના પુરાવાને બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. જેથી હાલના કામે પક્ષકારોએ પોતાનો પુરાવો સંક્ષિપ્તમાં નહી પરંતુ વિસ્તૃત રજુ કરેલ હોય હાલનું કામ સમન્સ ટ્રાયલ તરીકે ચલાવવામાં આવેલ હોવાનું જણાય આવેલ છે.

**આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :**

**૦૩.** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીનું ક્રી.પ્રો.કો.ક. ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.તેમાં તેઓએ ફરિયાદપક્ષ ની

હકીકતો નકારેલ છે અને સોગંદ ઉપર જુબાની નહી આપવાનું તેમજ બચાવ માં સાહેદો નહી તપાસવા જણાવેલ છે.તેમજ વિશેષમાં જણાવેલ છે કે, " *અમો નિર્દોષ છીએ, અમારા ચેકનો દુરુપયોગ કરી અમારી વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરેલ છે. કહેવાતો ગુનો અમે કરેલ નથી.* " તેવું જણાવેલ છે.

**દલીલો:**

**૦૪. ફરિયાદપક્ષ તરફે આંક–૩૫ થી લેખિત દલીલ કરેલ છે.**

*સૌપ્રથમ તેઓએ ફરિયાદની હકીકત જણાવેલ છે ત્યારબાદ તેઓએ રજુ કરેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું વર્ણન કરેલ છે.
*ફરિયાદીની આરોપીના વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ક્રોસમાં ફરિયાદી પાસે ચેક કેવી રીતે આવેલ છે તે અન્વયે કોઇ પ્રશ્ન પુછવામાં આવેલ નથી.
*ફરિયાદી દ્વારા આરોપીના ખાતામાં આર.ટી.જી.એસ.થી ટ્રાન્સફર કરેલ રકમ મળેલ નથી, તે દર્શાવતો કોઇ પુરાવો રજુ કરેલ નથી.
*આરોપી દ્વારા એવો કોઇ બચાવ કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી કે, ફરિયાદીએ આરોપીને કોઇ રકમ આપેલ નથી કે કોઇ રકમ બાકી લેણી નીકળતી નથી.
*આરોપી દ્વારા તેમના બચાવમાં કોઇપણ પ્રકારના સાક્ષી કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

**૦૫. આરોપીપક્ષ તરફે આંક–૩૮ થી લેખિત દલીલ કરેલ છે.**

*આરોપીએ સૌ પ્રથમ ફરિયાદીની કરેલ ઉલટતપાસની હકીકત જણાવેલ છે. ફરિયાદીએ રૂપિયા આપેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી.
*ફરિયાદી પાસેથી આરોપીના પતિ અશોકભાઇએ રૂપિયાની માંગણી કરેલ છે આ કામના આરોપીએ કોઇ રકમની માંગણી કરેલ નથી.
*વાદગ્રસ્ત ચેક સીકયુરીટી પેટે લીધેલ ચેક છે અને તેનો દુરુપયોગ કરી ચેક બાઉન્સ કરાવેલ છે.
*ફરિયાદીએ સ્વીકારેલ છે કે, વાદગ્રસ્ત ચેક અશોકભાઇ દ્વારા આપવામાં આવેલ છે. તેમજ સદરહુ રકમ આપ્યાના કેટલા સમય બાદ ચેક આપેલ તેવી કોઇ હકીકત ફરિયાદ કે નોટિસ કે સોગંદનામામાં જણાવેલ નથી.
*ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, સદર નોટિસ આરોપીને મળેલ નથી. આમ, જયારે નોટિસ બજેલ ન હોય તો આ ફરિયાદનું લીમીટેશન કયારથી શરુ થાય તે કહી શકાય નહી અને કોઇ કોઝ ઓફ એકશન ઉભુ થતુ નથી.
*સદરહુ રકમ ફરિયાદીના હાથ ઉપર હોવાનું તેમજ આરોપીને સદર રકમ ચુકવેલ હોવાનું તેમજ સદરહુ રકમ આરોપીને આપેલ હોય તો તે અંગેનો કોઇ લેખિત આધાર લીધેલ નહી હોવાનું જણાવેલ છે.
*વાદગ્રસ્ત રકમ ફરિયાદીએ અશોકભાઇને આપેલ છે તેવું સ્પષ્ટ સ્વીકારે છે.
*ફરિયાદીએ વાદગ્રસ્ત રકમ આરોપીને કયા સમયે, કઇ જગ્યાએ અને કોઇની હાજરીમાં આપેલ તે હકીકત જણાવેલ નથી.
*ફરિયાદીએ રાજખોડલ પેટ્રોલીયમ કંપનીને જોડેલ નથી કે કોઇ નોટિસ આપેલ નથી. વાદગસ્ત ચેકમાં આરોપીનું નામ નથી.
*આરોપીએ નીચે મુજબના ઉચ્ચ અદાલત તથા સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

1. Krishna Janardhan Bhat Vs. dattatraya G. Hegde {DCR 2008 (1) 374}

2. John K. John Vs. Tomvargese {DCR 2008 (1) PAGE 1}

3.Kamalas Vs. Vidhyadharan M.J. and anr. {2007 (2) SC (CRI) 498}

4.K.Prakashan Vs. P.K. Surendreran Reported {DCR 2008(1) 151}

5.KANSS RajashekarVs. Augustus Jeba Ananth {2019(2)KHC 155 2019(1) KLD 492}

6. APS Forex Services Pvt. Ltd. Vs. Shakti International Fashion Linkers and Others {2020(1) KHC 957 2020(1) KLD 313}

7.Thangam valsan Vs. V.V. Haridasan Sami and anr. Kerala HC. {Cri appeal No.2311} Dt.25/10/2025

## આરોપી વિરૂધ્ધનું તહોમત/મુદ્દાઓ :

**૦૬.** ઉપરોકત રજુ થયેલ પુરાવા તથા કેસની હકીકત ધ્યાનમાં લઇ સદર કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

***૧. શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ એસ.બી.આઇ. વરતેજ શાખાનો તા.૨૦/૦૭/૨૦૨૩ નારોજ નો ચેક નં.૪૩૦૫૩૦ રૂા.૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પુરા નો કાયદેસરના દેવા અને જવાબદારી અદા કરવા માટે આપેલ અને તે ચેક આરોપીના ખાતામાં "ફંડસ ઇનસફીશીયન્ટ" ના કારણે સ્વીકાર થયેલ નહી, જેની લેખિત નોટિસ આરોપીને મોકલાવેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાંની ચુકવણી સમયમર્યાદામાં ન કરીને ધી.નેગો.ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?***

***૨. શું હુકમ ?***

ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧. હકારાત્મક,**

**૨. આખરી હુકમ મુજબ.**

## <u>ન્યાય નિર્ણય</u>

**૦૭.** સદર કેસ ફરિયાદપક્ષે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ (જેને હવે પછી એન.આઇ.એકટ-૧૩૮ તરીકે સંબોધેલ છે) મુજબ મુકેલ હોય સદર કલમ ધ્યાને લેતાં,

**કલમ-: ૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળના કારણે ચેકનો અસ્વિકાર થયા બાબતે**

*કોઇ વ્યકિતએ, કોઇ દેવુ અથવા જવાબદારી પૂરેપૂરી અથવા તેના કોઇ ભાગમાંથી મુકત થવા માટે, બીજી વ્યકિતને બેન્કર પાસે પોતે રાખેલા ખાતામાંથી નાણાંની કોઇ રકમની ચુકવણી કરવા માટે, લખેલો તે ખાતાનો કોઇ ચેક, તે ખાતામાં જમા રહેલી રકમ ચેકનો સ્વીકાર કરવા માટે અપુરતી હોવાના કારણે અથવા તે રકમ તે બેંક સાથે કરેલા કરાર મુજબ તે ખાતામાંથી ચુકવવાની વ્યવસ્થા કરવામાં આવી હોય તે રકમ કરતા વધારે હોવાના કારણે, બેંકે વણચુકવાયેલ પરત કરેલ હોય, તો તેવી વ્યકિતએ ગુનો કર્યો હોવાનું ગણાશે અને આ અધિનિયમની બીજી કોઇ પણ જોગવાઇને બાધ આવ્યા સિવાય, તેને બે વર્ષની મુદત સુધીની કેદની અથવા ચેકની બમણી રકમ સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવી જોઇશે, પરંતુ,*

*(ક) ચેક, તે લખવામાં આવ્યો હોય તે તારીખથી છ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત, બેમાંથી જે વહેલી તે મુદતની અંદર, બેંકમાં રજુ કરવામાં આવ્યો હોય તે સિવાય,*

*(ખ) વણચૂકવાયેલ પરત ફર્યાની સંબંધિત બેંક તરફથી માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર, ચેકના નાણાં લેનાર અથવા ચેકના યથાક્રમ ધારક, સદરહુ નાણાંની રકમની ચુકવણી માટે માંગણી કરતી લેખિતમાં નોટિસ ચેક લખનાર ઉપર કાઢે તે સિવાય, અને*

*(ગ) સદરહુ નોટિસ મળ્યાના પંદર દિવસની અંદર, સદરહુ નાણાંની રકમની ચુકવણી ચેકના નાણાં લેનાર અથવા યથાપ્રસંગ, ચેકના યથાક્રમ ધારકને કરવામાં સદરહુ ચેક લખનાર નિષ્ફળ જાય તે સિવાય, આ કલમનો કોઇપણ મજકુર લાગુ પડશે નહી.*

*સ્પષ્ટીકરણ:– આ કલમના હેતુ માટે " દેવા અને બીજી જવાબદારી " એટલે કાયદેસર અમલકરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.*

ફોજદારી કેસો માટે ન્યાય વ્યવસ્થાપનની પ્રણાલીમાં હંમેશા ધ્યાનમાં રાખવા ના મુખ્ય સિદ્ધાંતોમાંનો એક એ છે કે, આરોપી તરીકે રજૂ કરાયેલ વ્યક્તિ નિર્દોષ હોવાનું માનવામાં આવે છે. આરોપીના ગુનાને સાબિત કરવાનો બોજ ફરિયાદપક્ષ પર છે અને જ્યાં સુધી તે તે બોજા માંથી મુક્ત ન થાય ત્યાં સુધી અદાલત આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિ. સદર ફરિયાદીએ આરોપી સામે ધી.એન.આઇ.એકટની કલમ–૧૩૮ અન્વયે કેસ કરેલ છે. નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા અનેક ચુકાદામાં કાયદાના અવકાશનું વર્ણન કરેલ છે અને હાલમાં દેશમાં નાણાંકીય વ્યવહારો યોગ્ય અને સરળ રીતે થઇ શકે તેમજ લોકો વચ્ચે પ્રમાણિકતાથી સમગ્ર દેશમાં વ્યવહારો થઇ શકે તે માટે ચેકને ઉપકરણ તરીકે જાહેર કરી નાણાંકીય વ્યવહારોને વિશ્વસનીયતા અને મજબુતી આપવામાં આવેલ છે અને તે કારણે સદર કાયદા અન્વયે રજુ કરવામાં આવેલ ચેક બાબતે અનુમાન કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જે બાબતે નીચે ચર્ચા કરવામાં આવેલ છે.

**૦૮.** સદર કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

(૮.૧) ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે **ફરિયાદી ઉમેશભાઈ રુડાભાઈ સાંગા** નાઓએ આંક–૧૪ થી પોતાની સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે,

*તેઓ ટ્રક ધરાવતા હોય અને આરોપીનું ભાવનગર–રાજકોટ હાઇવે ઉપર રાજ ખોડલ પેટ્રોલીયમના નામે પેટ્રોલપંપ આવેલ હોય, તેઓ અવાર નાવર તેઓની ગાડીમાં પેટ્રોલ ડીઝલ પુરાવતા હોય, તેઓ બન્ને વચ્ચે ઓળખાણ થયેલી અને સારો એવો પરીચય થયેલો.

*આરોપીએ તેઓ પાસેથી ધંધાના વિકાસ માટે નાણાંની માંગણી કરતા તેઓએ આરોપીને રૂા.૯,૦૦,૦૦૦/– પુરા આપેલા, જે પૈકી રૂા.૫,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ. મારફતે તા.૧૫/૧૦/૨૦૨૨ નારોજ RTGS/BKIDA2288169314 થી આરોપીના ખાતામાં ટ્રાન્સફર આપેલા તથા રૂા.૪,૦૦,૦૦૦/– તા.૦૭/૦૯/૨૦૨૨ નારોજ રોકડા આપેલા. આરોપીએ જણાવેલ કે, જયારે પણ રકમની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે જણાવશો એટલે તમારી રકમ ચુકવી આપીશ.

*ત્યારબાદ તેઓને નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતા અને આરોપીને જણાવતા આરોપીએ તેઓને એસ.બી.આઇ.વરતેજ શાખાનો રૂા. ૫,૦૦,૦૦૦/−નો ચેક નં.૪૩૦૫૩૦ તા.૨૦/૦૭/૨૦૨૩ નારોજનો ચેક આપેલો.(આંક−૧૮) આરોપીએ એવો વિશ્વાસ અને ભરોષો આપેલ કે સદરહુ ચેક બેંકમાં નાખતા સદરહુ ચેકની રકમ તેઓના બેંક ખાતામાં જમા થઇ જશે.

*સદરહુ ચેક તેઓએ તેમની બેંકમાં જમા કરાવતા સદર ચેક તા.૨૫/૦૭/૨૦૨૩ નારોજ "ફંડસ ઇનસફીશીયન્ટ" ના શેરા સાથે પરત આવેલ.(આંક−૨૯)

* તેઓએ આરોપીને આપેલ નોટિસની ઓફીસ કોપી રજુ રાખેલ છે.(આંક−૧૯)

*સદર નોટિસ રજી.પોસ્ટથી મોકલાવેલ તે બાબતની પોસ્ટ ખાતાની સફેદ પાવતી રજુ કરેલ છે. (આંક−૨૦)

* સદર નોટિસ આરોપીને લેફટના શેરા સાથે પરત આવેલ છે. (આંક−૨૧) આમ, આરોપીને નોટિસ બજી ગયેલ હોવા છતા આરોપીએ સદર ચેકના નાણાં ચુકવી આપેલ નથી કે નોટિસનો કોઇ જવાબ આપેલ નથી.

**(૮.૨)** ફરિયાદપક્ષે **આંક−૨૮** થી સાહેદ **કુમાર વિશાલ આવધેશનંદન સહાય** એડમીન ઇન્ચાર્જ બેંક ઓફ ઇન્ડિયા ની જુબાની લેવામાં આવેલ છે જે વંચાણે લેતા,તેઓ ભાવનગર મુકામે રહે છે અને બેંક ઓફ ઇન્ડિયા, નિલમબાગ શાખામાં એડમીન ઇન્ચાર્ઝ તરીકે છેલ્લા ત્રણ મહીનાથી નોકરી કરે છે. સદર કામનો સમન્સ બેંકને મળેલ છે અને તેના અનુસંધાને તેઓ જુબાની આપવા આવેલ છે.નિશાની ૩/૩ નો રિટર્ન મેમો તેમની બેંકનો અને શાખાનો છે. નિ.૩/૧ વાળી પાસબુક તેમની બેંકની છે. જે ઉમેશભાઇ સાંગાના નામની છે. તેમા ફરિયાદીનો એકાઉનટ નંબર જણાવેલ છે. આંક−૧૮ વાળો ચેક તેઓની બ્રાંચમાં તા.૨૩/૦૭/૨૦૨૩ ના રોજ રજુ થયેલ હતો જે કલીયરીંગ માટે તા.૨૪/૦૭/૨૦૨૩ નારોજ ગયેલો. તે ચેક અપુરતા નાણાંના કારણે તા.૨૫/૦૭/૨૦૨૩ નારોજ પરત ફરેલો. તે બાબતે તેમની બ્રાંચ તરફથી રીટર્ન મેમો આપવામાં આવેલો તે રીટર્ન મેમો સહી સીકકા વાળો રજુ કરી અને તેમા ખરી નકલ તરીકે પોતાની સહી ઓળખી બતાવી આંક−૨૯ થી રજુ કરેલ છે. સદર સાહેદની **ઉલટતપાસ વંચાણે લેતા,** તેઓ બેંકના કર્મચારી હોવા બાબતનો પુરાવો રજુ કરેલ નહી હોવાનું કબુલ રાખેલ છે. તેઓએ તેમના ઉપરી અધિકારીને કોર્ટનો સમન્સ મળેલ હોવા બાબતની જાણ કરેલી. તેઓ રેકર્ડ આધારીત જુબાની આપતા

હોવાનું તેમજ સદર કેસ બાબતે અંગત માહીતી નહી હોવાનું કબુલ રાખેલ છે.

**(૮.૩)** આમ, ફરિયાદીની સરતપાસ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં તેઓએ સદર કાયદાની કલમ–૧૩૮ અન્વયે,

**(૮.૩.૧)** આરોપીએ બાકી રકમ પેટે ચેક નં.૪૩૦૫૩૦ આપેલ છે. (આંક–૧૮)
**(૮.૩.૨)**સદર ચેક ફરિયાદીએ તેઓના ખાતામાં જમા કરાવ્યેથી "ફંડસ ઈનસફીશીયન્ટ " ના શેરા સાથે સદર ચેક પરત ફરેલ છે. (આંક–૨૯)
**(૮.૩.૩)** ફરિયાદીએ લેણી રકમની ઉઘરાણી કરતી નોટિસ આરોપીને આપેલ છે. (આંક–૧૯)
**(૮.૩.૪)** પરત આવેલ કવર (આંક–૨૧)
ત્યારબાદ તા.૦૩/૧૦/૨૦૨૩ નારોજ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

**આમ, ફરિયાદપક્ષે સદર કલમ અન્વયેની પુર્તતા કરેલ છે.**

૦૯. **(૯.૧)** હવે નામ. સર્વોચ્ચ અદાલતે **RANGAPPA Versus SHRI MOHAN, {2010 (0) AIJEL-SC 48349}**માં નેગો.કાયદાની કલમ–૧૩૯ દ્વારા ફરજિયાત ધારણામાં કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવા દેવા અથવા જવાબદારીના અસ્તિત્વ અંગેની ધારણાનો સમાવેશ થાય છે. એકવાર ચેક /સાધનનો અમલ સ્વીકારાઈ જાય, પછી ૧૮૮૧ ના કાયદાની કલમ–૧૩૯ હેઠળ પ્રારંભિક ધારણા ફરિયાદીની તરફેણ કરે છે કે કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવા દેવા અથવા જવાબદારી અસ્તિત્વમાં છે. વધુમાં એવું માનવામાં આવ્યુ છે કે, ચેક સાથે જોડાયેલ વિચારણા એ ધારણાનો વિષય છે અને ફરિયાદીને તેને વાજબી શંકાથી આગળ સાબિત કરવાની જરૂર ના હોવાનું ઠરાવેલ છે. તે સંજોગોમાં ફરિયાદીની જુબાની તથા રજુ કરેલ અન્ય દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી જો એકવાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરિયાદીને ચેક આપેલ છે, તો તેવા સંજોગોમાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબના કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે, જે નીચે મુજબ છે.

***(૧) કલમ:૧૩૯ – ધારણાની તરફેણમાં માની લેવાની :*** *આથી વિરૂધ્ધનું સાબિત થાય તે સિવાય, કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારના ચેકના ધારકે, કોઈ દેવુ અથવા જવાબદારી પુરેપુરી અથવા અંશત: માંથી મુકત થવા ચેક મેળવેલ છે એવું માની લેવામાં આવશે.*

***(૨) કલમ:૧૧૮ એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે.***

***(ક) અવેજ વિષે :–*** *દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યુ હતુ.*

*(ખ) **તારીખ વિષે:–** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતુ.*

*(ગ) **સ્વીકારના સમય વિષે:–** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.*

*(ઘ) **તબદીલીના સમય વિષે :–** કોઈ વટાઉ ખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.*

*(ચ) **શેરાઓના ક્રમ વિષે:–** કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.*

*(છ) **સ્ટમ્પ વિષે :–** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.*

*(જ) **ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે :–** કોઈ વાટાઉ ખતનો ધારક યથાક્રમ ધારક છે. પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.*

(૯.૨) નામ. સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવેલ છે કે, આરોપીએ કલમ–૧૩૮ નું અનુમાન સંભાવનાઓની પ્રાધાન્યતા પ્રમાણે પુરવાર કરવાનું હોય છે. કાયદા દવારા કયા પુરાવાની જરૂર છે અને આરોપી પાસેથી ધારણાઓને રદિયો આપવા માટે શું ધોરણ નક્કી કરવામાં આવે છે. ધારણાને રદિયો આપવા માટે પુરાવાનું ધોરણ સંભાવનાઓની પ્રાધાન્યતા છે. ધારણાને રદિયો આપવા માટે, આરોપી માટે,સંભવિત બચાવ કરવા માટે ફરિયાદી દ્વારા રજુ કરાયેલી સામગ્રી પર આધાર રાખવાનું ખુલ્લું છે.સંભાવનાઓની પ્રાધાન્યતાનો અંદાજ ફકત પક્ષકારો દ્વારા રેકોર્ડ પર લાવવામાં આવેલી સામગ્રી પરથી જ નહી પરંતુ તેઓ જેના પર આધાર રાખે છે તે સંજોગોના સંદર્ભ દ્વારા પણ મેળવી શકાય છે. આરોપી દ્વારા ફરિયાદી દ્વારા તેની ઉલટ તપાસમાં કરવામાં આવેલી કબુલાત પરથી પણ આ ધારણાનું ખંડન કરી શકાય છે,જે ફરિયાદપક્ષની વાર્તા પર શંકા પેદા કરે છે. એ પણ સારી રીતે નક્કી થયુ છે કે, આરોપીએ બધા કેસોમાં પોતાના બચાવના સમર્થનમાં સાક્ષીના બોક્સમાં આવવું જરૂરી નથી. એ પણ સારી રીતે નકકી થયુ છે કે, એન.આઈ. એકટની કલમ–૧૩૯ એ પુરાવાનો બોજ લાદ્યો હતો, પ્રેરક બોજ નહી. તેથી, એવું કહી શકાય કે જયાં ધારણા રદિયો આપવામાં આવ્યો હતો કે નહી તે દરેક કેસના તથ્યો અને સંજોગો પર આધાર રાખે છે. વધુમાં, એ પણ સારી રીતે નકકી થયેલ છે કે જો આરોપી તેની સામે ઉઠાવવામાં આવેલી ધારણાને રદિયો આપી શકતો નથી, તો તેને ફકત આવી ધારણાના

આધારે જ દોષિત ઠેરવી શકાય છે અને જો આરોપી ધારણાને રદિયો આપી શકે છે, તો ફરીથી ફરિયાદી પર પોતાનો કેસ તમામ વાજબી શંકાઓથી પર સાબિત કરવાની જવાબદારી મુકવામાં આવે છે.

**૧૦. બચાવપક્ષે તેમની દલીલમાં નીચે મુજબ ના બચાવ લીધેલ છે.**

**(૧૦.૧)** બચાવપક્ષે તેમની દલીલમાં, સૌપ્રથમ વાદગ્રસ્ત રકમની માંગણી આરોપીએ નહી, તેઓના પતિએ કરેલ અને ફરીયાદીએ રૂપિયા ઓનલાઇન કરેલ,ત્યારે આરોપીના પતિ પાસેથી સિકયુરીટી પેટે કોરો ચેક મેળવી લીધેલ હોવાનુ જણાવેલ છે.તેથી વાદગ્રસ્ત ચેક કોરો સિકયુરીટી પેટે આપેલ હોચ તે સંજોગોમાં ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ના હોવાનુ જણાવેલ છે. તે બાબતે ચર્ચા કરીએ તો,

*સદર કાયદા અન્વચે કલમ–૧૩૯ માં ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઇ છે,તેનુ વિવરણ ઉપરોકત કરેલ છે.વધુમાં Hiten P. Dalal v. Bratindra nath Banerjee {AIR 2001 SC 3897} માં નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે,સદર કલમ હેઠળના અનુમાન ની અસર એવી છે કે, આરોપીના માથે પુરાવાકીય બોજો છે કે સદર ચેક ફરિયાદીએ કોઇ જવાબદારી માટે મેળવેલ ન હતો અને એવુ અનુમાન દરેક કેસની હકીકતો ઉપર આધાર રાખે છે. વધુમાં ઠરાવેલ છે કે, સદર કલમના શરુઆતના શબ્દો "એથી વિરૂધ્ધનું સાબિત થાય તે સિવાય" એવું દર્શાવે છે કે સદર અનુમાન ફકત પુરવાર કરી દુર કરી શકાય માત્ર ખુલાસાથી નહી. સદર હકીકત સીધી રીતે પુરવાર કરવામાં આવેલ હોય કે કોર્ટ સમક્ષ પડેલ સામગ્રીના આધારે તેવી હકીકતો અસ્તિત્વમાં હોવાનું અનુમાન થાય.

*ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પેરા(૮.૧) મુજબનો આપેલ છે. અત્રેના કેસ માં વાદગ્રસ્ત ચેક તહોમતદારનો હોવા બાબતે તકરાર નથી.બચાવપક્ષે તેઓનો કોઇ પુરાવો આપેલ નથી. તેઓએ ફરિયાદીની કરેલ ઉલટ તપાસ ઉપર આધાર રાખેલ છે.સદર ઉલટતપાસની તે બાબતની મુખ્ય હકીકતો ધ્યાને લઇએ તો,રૂપિયા પાંચ લાખની માંગણી અશોકભાઇનાઓએ તેઓની સામે કરેલી હોવાનું તથા અશોકભાઇનાઓ આરોપીના પતિ હોવાનું તેમજ જે દિવસે આરોપીના એકાઉન્ટમાં તેઓએ પૈસા નાખ્યા તે દિવસે આરોપીનાએ તેઓને ચેક આપેલો હોવાનું તેમજ સદર ચેક પણ અશોકભાઇનાઓએ આપેલો હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે.

*હવે પુનરાવર્તન ના દોષ સાથે પણ સદર કલમ–૧૩૮ ની જોગવાઇઓ ધ્યાને લઇએ તો,

*કોઈ વ્યકિતએ, કોઈ **દેવુ** અથવા જવાબદારી પૂરેપૂરી અથવા તેના કોઈ ભાગમાંથી મુકત થવા માટે, બીજી વ્યકિતને બેન્કર પાસે પોતે રાખેલા ખાતામાંથી નાણાંની કોઈ રકમની ચુકવણી કરવા માટે, **લખેલો તે ખાતાનો કોઈ ચેક,** .... તો તેવી વ્યકિતએ ગુનો કર્યો હોવાનું ગણાશે ........*

*સ્પષ્ટીકરણ:- આ કલમના હેતુ માટે " દેવા અને બીજી જવાબદારી " એટલે કાયદેસર અમલકરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.*

સદર કલમ ની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીએ દેવા  અથવા જવાબદારી સ્વીકારી ને ચેક આપેલ હોય અને તે વણચુકવ્યે પરત ફરેલ હોય તો તે માટે તે વ્યકિતએ ગુનો કરેલાનુ માની શકાય છે. સદર કામે ઉપરોકત કરેલ ચર્ચા પ્રમાણે વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતાનો છે અને તેના ઉપર ની સહી આરોપીની હોવા બાબતે તકરાર નથી. તેમજ બચાવપક્ષે ઉલટતપાસમાં પણ આરોપીના ખાતામાં નાંણા નાખ્યા તે જ દિવસે ચેક આપેલાની હકિકત રેકર્ડ ઉપર લાવેલ છે. તે સંજોગોમાં સદર દેવુ તો આરોપીનુ જ છે અને તે માટે તેણીએ ચેક આપેલ છે, સદર ચેક તેણીએ કે તેણીના પતિએ આપેલ હોવા માત્ર થી ફરીયાદી ને કોઈ ફરક પડતો નથી.

*હવે સદર ચેક સિકયુરીટી પેટે આપેલ હોય તો પણ નામ.સર્વોચ્ચ અદાલતે Goaplast (P) Ltd. Vs. Chico Ursula D'Souza {(2003) 3 SCC 232} ના કેસમાં,પોસ્ટ ડેટેડ ચેક પણ ચુકવણીનુ અસરકાર માધ્યમ હોવાનુ ઠરાવેલ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે Sampelly Satya narayana Rao Vs Indian Renewable Energy Development Agency Limited{AIR 2016 SC 4363} માં કાયદાની કલમ-૧૩૮ ની સમજૂતી અને કાયદાની કમલ-૧૩૮ માં''કોઈપણ દેવા અથવા અન્ય જવાબદારીના નિકાલ માટે'' શબ્દનો ઉલ્લેખ છે.અમારુ માનવુ છે કે પોસ્ટ ડેટેડ ચેક ''દેવુ અથવા જવાબદારીના નિકાલ માટે'' છે કે કેમ? તે પ્રશ્ન વ્યવહારની પ્રકૃતિ પર આધાર રાખે છે. જો ચેકની તારીખે જવાબદારી અથવા દેવુ અસ્તિત્વમાં હોય અથવા રકમ કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવી બની ગઈ હોય, તો સદર કલમ લાગુ પડે છે અને અન્યથા નહી. સદર કામે બચાવપક્ષે જ વાદગ્રસ્ત રકમ આરોપી ના ખાતામાં ઓનલાઈન આવેલાનુ રેકર્ડ ઉપર લાવેલ છે, તે સંજોગોમાં સદર રકમના જવાબદારી પેટે જ ચેક આપેલાનુ ગણી શકાય.હવે બચાવ પક્ષે સદર રકમ ચુકવી આપેલ હોય છે તેવો તેમનો કોઈ બચાવ નથી કે તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં તેમની દલીલ માનવાપાત્ર નથી.

*હવે વાદગ્રસ્ત ચેક કોરો આપેલ હોવા બાબતે ચર્ચા કરીએ તો,બચાવપક્ષે ફરીયાદીની કરેલ ઉલટતપાસમાં,આંક-૧૮ ના ચેકમાં તારીખ અને નામ ગુજરાતી ભાષામાં છે અને રકમ અંગ્રેજી ભાષામાં લખેલી છે. જે  ચેક ઉપર સહી કરેલી પેનથી શાહી અને બાકીના લખાણના પેનની શાહી અલગ

અલગ છે તેમજ અક્ષરો નાના મોટા હોવાનું કબુલ રાખેલ છે. હવે સદર કાયદા ની કમલ–૨૦ ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો,

***કલમ : ૨૦ સ્ટેમ્પવાળુ અધુરુ ખત***

*વટાઉખત સંબંધી ભારતમાં તે સમયે અમલમાં હોય તેવા કાયદા અનુસાર સ્ટેમ્પવાળા કાગળ તદન કોરા રાખી અથવા તેના ઉપર અધુરુ વટાઉખત લખીને કોઇ એક વ્યકિત તેના ઉપર સહિ કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે કાગળના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ માટે, યથાપ્રસંગ, વટાઉખત બનાવવા નો અથવા પુરુ કરવાનો પ્રથમ દર્શને અધિકાર આપે છે. એ રીતે સહિ કરનાર વ્યકિતને જે હેસિયતમાં વટાઉખત ઉપર સહિ કરી હોય તે હેસીયતમાં તે વ્યકિત, તે વટાઉખત ઉપરથી તે રકમ માટે, યથાક્રમધારક ને જવાબદાર રહેશે :*

*પરંતુ યથાક્રમધારક સિવાયની કોઇપણ વ્યકિત તે ખત સોંપનાર વ્યકિત પાસેથી, તે ખત હેઠળ જેટલી રકમ આપવાનો તેનો ઇરાદો હોય તેથી વધુ રકમ વસુલ કરી શકશે નહી.*

તે સંજોગોમાં ચેક નો ધારક અધુરા ખત ને પુર્ણ કરવાની ક્ષમતા ધરાવે છે.

---

નામ. સર્વોચ્ચ અદાલતે **બીરસિંહ વિરુધ્ધ મુકેશકુમાર {(2019)2 S.C.R. 24}** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

૩૭. એન.આઇ. કાયદાની જોગવાઇઓનુ અર્થપૂર્ણ વાંચન, ખાસ કરીને કલમ ૨૦,૮૭ અને ૧૩૯ એ સ્પષ્ટ કરે છે કે જે વ્યકિત ચેક પર સહી કરે છે અને તેને ચુકવણીકર્તા ને સોંપે છે તે જવાબદાર રહે છે, સિવાય કે તે એવી ધારણાને રદીયો આપવા માટે પુરાવા ઉમેરે કે ચેક,દેવાની ચુકવણી માટે અથવા જવાબદારી નિભાવવા માટે જારી કરવામાં આવ્યો ન હતો. જો ચેક પર ડોંઅર સિવાય અન્ય કોઇ વ્યકિત ધ્વારા ભરવામાં આવ્યો હોય જો ચેક અન્યથા માન્ય હોય, તો કલમ–૧૩૮ ની દંડની જોગવાઇઓ લાગુ થશે.

૩૮. જો સહી કરેલ ખાલી ચેક સ્વેચ્છાએ ચુકવણીકર્તા ને રજુ કરવામાં આવે છે,તો ચુકવણીકર્તા રકમ અને અન્ય વિગતો ભરી શકે છે, જે પોતે ચેકને અમાન્ય કરશે નહી. આરોપીની જવાબદારી હજુ પણ પુરાવા રજુ કરીને એ સાબિત કરવાની રહેશે કે, ચેક દેવા અથવા જવાબદારીમાંથી મુકિત મેળવવા માટે આપવામાં આવ્યો નથી.

૪૦. આરોપી ધ્વારા સ્વેચ્છાએ સહિ કરીને સોંપવામાં આવેલ ખાલી ચેક પણ,જે અમુક ચુકવણી માટે હોય, નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૯ હેઠળ અનુમાન લગાવવામાં આવશે,જો કોઇ મજબુત પુરાવા ન હોય કે ચેક દેવાની મુકિત માટે જારી કરવામા આવ્યો ન હતો.

સદર પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ આરોપી ઉપર પુરાવાનો ભાર છે કે, ચેક દેવા અથવા જવાબદારીમાંથી મુકત થવા માટે આપેલ ન હતો.સદર કામે ઉપરોકત કરેલ ચર્ચા પ્રમાણે બચાવપક્ષે વાદગ્રસ્ત ચેક ફરીયાદીએ લેણી રકમ ના બદલામાં મેળવેલ હોવાનુ રેકર્ડ ઉપર છે.તે સંજોગોમાં સદર દલીલ પણ માનવાપાત્ર નથી.

**(૧૦.૨)**બચાવપક્ષે તેમની **દલીલ**માં અન્ય બચાવમાં, ફરીયાદીએ રાજખોડલ પ્રેટ્રોલીયમ કંપનીને ફરીયાદના કામે આરોપી તરીકે જોડેલ નથી કે કંપનીને અલગથી કોઇ નોટીસ આપેલ નથી.વાદગ્રસ્ત ચેક રાજખોડલ પ્રેટ્રોલીયમ કંપનીના નામ જોગ હતો અને તે ચેક મંગળસિકકા રેખાબેન

અશોકભાઈના નામે સ્પેશિફીક રીતે આપેલ ના હોય તેથી ફરીયાદ રદ થવાને પાત્ર હોવાનુ જણાવેલ છે.તે બાબતે ચર્ચા કરીએ તો, પ્રોપરાઈટરી શીપ અને પાર્ટનરશીપ વચ્ચે સુક્ષ્મ તફાવત એ છે કે,પ્રોપરાઈટરી શીપ એ વ્યકિતગત પેઢી છે અને તેમાં એકલ વ્યકિત હોય છે,જયારે પાર્ટનરશીપ ફર્મમાં એક કરતાં વધારે વ્યકિત હોય છે.હાલના કેસમાં વાદગ્રસ્તચેક ધ્યાને લેતાં, તેમાં"RAJ KHODAL PETROLEUM"ની પ્રિન્ટ થયેલ છે અને તેના ઉપર RAJ KHODAL PETROLEUM ..........PROPRIETOR નો રબર સ્ટેમ્પ મારેલ છે.તે સંજોગોમાં સદર પેઢી પ્રોપરાઈટરી પેઢી છે,સદર ચેક પાર્ટનરશીપના એકાઉન્ટ નો હોય તેવુ જણાઈ આવતી નથી.

*હવે પુરાવાના કાયદા માં કલમ–૧૦૧માં પુરાવા ના બોજાની જોગવાઈ કરવામાં આવી છે. જે કલમ ધ્યાને લેતાં,

> **કલમ ૧૦૧ પુરાવાનો બોજો:**જો કોઈ એમ ઈચ્છતુ હોય કે તેણે પ્રતિપાદિત કરેલ હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર અદાલત કોઈ કાયદેસરના હક્ક અને જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે તો તેણે સાબિત કરવું પડે કે તે હકીકતો અસ્તિત્વમાં હતી.
>
> કોઈ વ્યકિત હકીકતનું અસ્તિત્વ સાબીત કરવા બંધાયેલ હોય ત્યારે સાબિતીનો બોજો તે વ્યક્તિ ઉપર છે તેમ કહેવાય.

આમ,જયારે કોઈ વ્યકિત અમુક હકીકત પુરવાર કરવા બંધાયેલ હોય,ત્યારે તે વ્યક્તિ ઉપર પુરાવાનો બોજો છે એમ કહેવાય જે કોઈપણ સંજોગોમાં અફર રહે છે.સદર કામે ઉપરોકત કરેલ ચર્ચા પ્રમાણે ચેક નુ એકઝીકયુશન ફરીયાદીએ પુરવાર કરેલ છે.હવે પુરાવાના કાયદાની કલમ – ૧૦૨ ની જોગવાઈ ધ્યાને લેતાં,

**કલમ: ૧૦૨**
**કોઈ દાવા કે કાર્યવાહીમાં પુરાવાનો બોજો એ વ્યક્તિ ઉપર રહે છે કે જો કોઈ પક્ષકાર તરફ થી કોઈ પુરાવો આપવામાં નહી આવે તો તે નિષ્ફળ જશે.**

*ઉદાહરણ*

( ક) જે જમીન "ખ" ના કબજામાં છે અને જે "ખ" ના પિતા "ગ" એ "ક" ને આપવાનું વીલ કર્યુ હતું એવું "ક" ભારપુર્વક કહે છે તે જમીન પાટે "ક" "ખ " ઉપર દાવો માંડે છે.

જો બેમાંથી કોઈ પક્ષ તરફથી કંઈ પુરાવો આપવામાં ન આવ્યો હોય તો "ખ" તે જમીન પોતાના કબજામાં રાખવા હક્કદાર રહે છે. તેથી સાબિતીનો બોજો "ક " ઉપર છે.

(ખ) કોઈ બંધણીખત ઉપરથી લેણી થયેલી રકમ માટે "ખ" ઉપર "ક" દાવો માંડે છે. બંધણીખત થયું હોવાનું કબુલ રાખવામાં આવ્યુ છે, પણ "ખ" એવું કહે છે કે તે કપટથી મેળવેલું હતું, જે વાતનો "ક" ઈન્કાર કરે છે.

જો બેમાંથી કોઈ પક્ષ તરફથી કંઈ પુરાવો આપવામાં ન આવ્યો હોય તો "ક" સફળ થાય, કેમ કે બંધણીખત વિષે તકરાર નથી, અને કપટ સાબિત થયું નથી. તેથી સાબિતી નો બોજો "ખ" ઉપર છે.

સદર કલમમાં સાબિતીના બોજાની જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ સાબિતીનો બોજો સૌથી પ્રથમ તે એ પક્ષકાર ઉપર રહે છે કે જો બંને પક્ષકાર

કોઈ પુરાવો આપી ના શકે તો તે નિષ્ફળ રહે છે.એટલે કે, સાબિતીનો બોજો સ્થિર રહી શકતો નથી.વધુમાં નામ સર્વોચ્ચ અદાલતે Raghavamma & anr. vs. A.Chenchamma & anr. (AIR 1964 SC 136) માં ઠરાવેલ છે કે, પુરાવાનો બોજો અને સાબિતીનો બોજો અલગ પ્રકારે છે.પુરાવાનો બોજો કયારેય બીજા ઉપર જતો નથી અને સ્થિર રહે છે,જ્યારે સાબિતીનો બોજો સ્થિર રહી શકતો નથી.એટલે કે જયારે એક પક્ષકાર પોતાની તરફેણમાં પ્રાથમિક રીતે અનુમાન કરી શકાય એવો પુરાવો રજુ કરે કે તરત જ બીજા પક્ષકાર પર સાબિતીનો બોજો જાય છે. જો બીજા પક્ષકારે રજુ કરેલ પુરાવો પ્રથમ પક્ષકાર કરતા ચઢિયાતો હોય તો ફરીથી પાછો પુરાવાનો બોજો પ્રથમ પક્ષકાર ઉપર આવે છે. સદર કામે બચાવ પક્ષે ફરીયાદીની કરેલ **ઉલટતપાસ** માં તે બાબતે કોઇ પ્રશ્ન કરેલ નથી. તે સંજોગોમાં આરોપી ઉપર પુરાવાનો બોજો આવે કે તેઓ પુરવાર કરે કે સદર કંપની પાર્ટનરશીપપેઢી હતી.તેઓ તે હકિકત સાબિત કરેલ ના હોય સદર દલીલ માનવાપાત્ર નથી.

**(૧૦.૩)** બચાવપક્ષે **અન્ય દલીલ** ફરીયાદીની **આર્થીક ક્ષમતા** બાબતે કરેલ છે. ફરીયાદીની વાદગ્રસ્ત રકમ આપવા માટેની આર્થીક ક્ષમતા નહતી અને તેઓએ તે બાબતના કોઇ બુકસ ઓફ એકાઉન્ટ રજુ કરેલ નથી ની કરેલ છે. તે બાબતે ચર્ચા કરીએ તો,

*****ફરીયાદીએ તેમના પુરાવામાં,આરોપીએ તેઓ પાસેથી ધંધાના વિકાસ માટે નાણાંની માંગણી કરતા તેઓએ આરોપીને રૂા.૯,૦૦,૦૦૦/- પુરા આપેલા,જે પૈકી રૂા.૫,૦૦,૦૦૦/-આર.ટી.જી.એસ.મારફતે તા.૧૫/ ૧૦/૨૦૨૨ નારોજ RTGS/ BKIDA2288169314 થી આરોપીના ખાતામાં ટ્રાન્સફર આપેલા હોવાનુ જણાવેલ છે.હવે બચાવપક્ષે તે બાબતે કરેલ **ઉલટતપાસ**માં આરોપી ના ખાતામાં ઓનલાઇન રકમ આપેલાનું રેકર્ડ ઉપર લાવેલ છે.

*****સદર કામે ઉપરોકત કરેલ ચર્ચા પ્રમાણે આરોપીએ તેઓનો બચાવ પ્રિપોન્ડરસ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત આધારે કરવાનો હોય છે.નામ. સર્વોચ્ચ અદાલતે રોહિત જીવનલાલ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજ્ય {Cri. App. No.508 of 2019}માં ઠરાવેલ છે કે,"સંભાવનાઓની પ્રાધાન્યતા સંબંધિત પાસાઓ પર આરોપીએ એવા તથ્યો અને સંજોગો રેકર્ડ પર લાવવા પડશે જેનાથી કોર્ટ એવું તારણ કાઢી શકે કે,વિચારણા અસ્તિત્વમાં ન હોતી અથવા તેનું અસ્તિત્વ એટલું સંભવિત ન હોતું કે એક સમજદાર માણસ, કેસની પરિસ્થિતિઓ હેઠળ, અનુમાન કરશે કે વિચારણા અસ્તિત્વ માં ન

હોતી.આ કોર્ટે વારંવાર ભાર મુકયો છે કે, આરોપી દ્વારા પોતાનો બોજ નિકાલ કરવા માટે પુરતા નકારાત્મક પુરાવા રેકર્ડ પર લાવી શકાય નહી, છતાં માત્ર ઈનકાર કરવાથી સદર કાયદાની કલમ–૧૩૮ અને ૧૩૯ હેઠળ કલ્પના કરાવેલ ખંડનની આવશ્યકતાઓને પુર્ણ કરશે નહી.

*હવે ફરીયાદીએ વાદગ્રસ્ત રકમ ઓનલાઇન આપેલ છે,જે બચાવપક્ષે ઉલટ તપાસમાં કબુલ કરાવેલ છે. તે સંજોગોમાં ફરીયાદીની તરફેણમાં અનુમાનની પ્રબળતા વધારે છે અને બચાવપક્ષે ઉલટતપાસમાં તે હકિકત કબુલ કરાવેલ હોય બચાવપક્ષ ની તરફેણમાં અનુમાન કરી શકાય તેમ નથી. વધુમાં Tedhi Singh vs Narayan Dass Mahant ના ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે, એન.આઇ.એકટની કલમ–૧૩૮ હેઠળ ના કેસમાં ફરીયાદીએ શરૂઆતમાં એ દર્શાવવાની જરૂર નથી કે તેની પાસે ક્ષમતા હતી, સદર કાર્યવાહી દિવાની દાવો નથી.તેઓએ આપેલ નોટિસના જવાબમાં કેસ સ્થાપિત ના થાય ત્યારે ફરીયાદી પાસે શરૂઆતથી એવી અપેક્ષા રાખવા માં આવતી નથી કે તે નાંણાકીય ક્ષમતા ધરાવતો હતો તેવા પુરાવા રજુ કરેલ. જો આરોપી ત્યાબાદ તેવો બચાવ લે તો, તે સ્વતંત્ર સામગ્રી રજુ કરી, સાક્ષી ઓ તપાસી,દસ્તાવેજો રજુ કરી અને ફરીયાદીએ રજુ કરેલ સામગ્રી ઉપરથી તે પુરવાર કરી શકે છે. આખરે,અદાલતોનુ કર્તવ્ય છે કે કાળજીપૂર્વક વિચાર કરી,પુરાવાઓનુ સમગ્રચતાથી મુલ્યાંકન કરી નિર્ણય ઉપર આવે કે, બચાવ પક્ષે તેવી હકિકતો પુરવાર કરી બચાવ સ્થાપિત કરેલ છે કે કેમ? નુ ઠરાવેલ છે.સદર કામે ઉપરોકત જણાવ્યા મુજબ બચાવપક્ષે તેવો કોઇ બચાવ સ્થાપિત કરેલ નથી.વધુમાં D.K.Chandel Vs M\S Wockhardt Ltd. Criminal Appeal No. (S).132 OF 2020ના ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે અવલોકન કરેલ છે કે,હાઇકોર્ટ દવારા યોગ્ય રીતે અવલોકન કરવા માં આવ્યુ છે તેમ,એકાઉન્ટ બુક/કેશબુક રજુ કરવાથી સિવિલ કોર્ટમાં સંબંધીત હોઇ શકે છે,પરંતુ એન.આઇ.એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરાયેલ ફોજદારી કેસમાં આવુ ન પણ હોઇ શકે.આ ચેક ધારકની તરફેણ માં ઉઠાવવામાં આવેલી ધારણાને કારણે છે.તે સંજોગોમાં બચાવ પક્ષની તેવી તમામ દલીલ માનવા પાત્ર નથી.

**(૧૦.૪)**બચાવપક્ષેતેમની **દલીલમાં અન્ય બચાવ**,સદર વાદગ્રસ્ત રકમ **અનએકાઉન્ટેડ વ્યવહાર** છે.તેથી Income Tax Act Sec 271(D) & 269 (ss)(1) મુજબ સદર વ્યવહાર ગેરકાયદેસર છે.સદર રૂલ્સ ઉચ્ચ અદાલતે

ક્રિષ્ણા જનાર્દન ભટ્ટ વિ.દત્તાત્રેય જી. હેગડે D.C.R. 2008(1) Page 374 પર આપેલ છે.તેથી કલમ–૧૩૯ ના અનુમાન માં જે કાયદેસર લેણુ જણાવેલ છે, તેવુ હાલ ના કેસમાં કાયદેસરનુ લેણુ નથી,જે પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી છે.તે પુરવાર કરેલ ના હોય હોવાનુ જણાવેલ છે. તે બાબતે ચર્ચા કરીએ તો,

*સૌપ્રથમ તો બચાવપક્ષે તેમની દલીલમાં જે ચુકાદો વર્ણવેલ છે, તે ક્રિષ્ણા જનાર્દન ભટ્ટ વિ.દત્તાત્રેય જી. હેગડે D.C.R. 2008(1) Page 374 નો ચુકાદો નામ.ઉચ્ચ (હાઈકોર્ટ)અદાલતનો નહી,પરંતુ નામ.ઉચ્ચતમ(સર્વોચ્ચ) ન્યાયાલયનો છે.હવે નામ.સર્વોચ્ચ અદાલતનો Rangappa Versus Sri Mohan {AIR 2010 SC 1898} નો ચુકાદો ધ્યાને લઈએ તો,

> 14. In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct.

નુ ઠરાવેલ છે. તે સંજોગોમાં તેટલા પુરતો સદર ચુકાદો રદ હોય બચાવપક્ષ ને તેનો લાભ મળી શકે તેમ નથી.

*હવે નામ.સર્વોચ્ચ અદાલતે SANJABIJ TARI VERSUS KISHORE S. BORCAR & ANR. {2025 INSC 1158} માં આપેલ ચુકાદાના પેરાનં. ૨૦ અને ૨૨ ધ્યાને લઈએ તો,

> **20.** However, this Court is of the view that any breach of Section 269SS of the IT Act, 1961 is subject to a penalty only under Section 271D of the IT Act, 1961. Further neither Section 269SS nor 271D of the IT Act, 1961 state that any transaction in breach thereof will be illegal, invalid or statutorily void. Therefore, any violation of Section 269SS would not render the transaction unenforceable under Section 138 of the NI Act or rebut the presumptions under Sections 118 and 139 of the NI Act because such a person, assuming him/her to be the payee/holder in due course, is liable to be visited by a penalty only as prescribed. Consequently, **the view that any transaction above Rs.20,000/- (Rupees Twenty Thousand) is illegal and void and therefore does not fall within the definition of 'legally**

**enforceable debt' cannot be countenanced.** Accordingly, the conclusion of law in P.C. Hari (supra) is set aside.

22. It is pertinent to mention that in the present case, the Respondent No.1- **Accused has filed no documents and/or examined any independent witness or led any evidence with regard to the financial incapacity of the Appellant-Complainant to advance the loans in question.** For instance, this Court in Rajaram S/o Sriramulu Naidu (Since Deceased) Through LRs. vs. Maruthachalam (Since Deceased) Through LRs., (2023) 16 SCC 125 has held that presumptions under Sections 118 and 139 of the NI Act can be rebutted by the accused examining the Income Tax Officer and bank officials of the complainant/drawee.

સદર ચુકાદામાં ઠરાવ્યા મુજબ Income Tax Act Sec 271 (D) & 269 (ss) નો બાધ નડતો ના હોવાનુ ઠરાવેલ છે અને તેવી રકમ ફરીયાદી પાસે ન હતી તેવુ પણ પુરવાર કરવા બચાવપક્ષે સાહેદ તપાસવા જરૂરી છે, તે તપાસેલ ના હોય તેઓની દલીલ માનવા પાત્ર નથી.

**(૧૦.૫)** બચાવપક્ષે અન્ય બચાવ નોટિસની બજવણી બાબતે લીધેલ છે કે આરોપીને નોટિસ ની બજવણી થયેલ ના હોય સદર ફરીયાદ કરવાનુ કોઝ ઓફ એકશન કયારે ઉભુ થયેલ તે કહી શકાય નહી તેમજ નોટિસ બજેલ ના હોય કોઝ ઓફ એકશન ઉભુ થયેલ ના હોય સદર કલમ-૧૩૮ ના તત્વો સંતોષાતા ના હોવાની દલીલ કરેલ છે. તે બાબતે ચર્ચા કરીએ તો,

*ફરિયાદીએ પોતાની સરતપાસમાં,તેઓએ તેમના વકીલશ્રી મારફતે તા. ૨૧/૦૮/૨૦૨૩ ના રોજ નોટીસ પાઠવેલ, જે લેફ્ટ ના શેરા સાથે પરત ફરેલ છે.તે બાબતે બચાવપક્ષે ફરીયાદી ની કરેલ ઉલટતપાસમાં, આંક-૧૯ વાળી નોટિસમાં આરોપીના ઘરનુ સરનામુ જણાવેલ હોવાનું તેમજ આંક-૨૧ વાળુ નોટિસનું કવર લેફ્ટના શેરા સાથે પરત આવેલ હોવાનું તેમજ સદર નોટિસ આરોપીને મળેલ નહી હોવાનું કબુલ રાખેલ છે.તેમજ ચેક પરત થતા આરોપીને જાણ કરેલી, સદર જાણ અશોકભાઈને કરેલ હોવાનું કબુલ રાખેલ છે.

*આંક-૧૯ વાળી નોટીસ ધ્યાને લેતાં,તે ફરિયાદીએ આરોપીને આપેલ નોટીસ છે. જેમાં ફરિયાદમાં જણાવેલ સરનામુ જણાવેલ છે.

*આંક-૨૧ વાળુ કવર ધ્યાને લેતાં સદર કવર લેફ્ટ ના શેરા સાથે પરત આવેલ છે.

*ઉપરોકત પુરાવાઓનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદીએ આરોપીને આપેલ નોટિસનુ કવર પરત આવતાં તેણી ના પતિને જાણ કરેલ છે. હવે,

નામ.સર્વોચ્ચ અદાલતે K. Bhaskaran Vs Sankaran { AIR 1999 SC 3762} ના ચુકાદામાં

> Thus, when a notice is returned by the sendee as unclaimed such date would be the commencing date in reckoning the period of 15 days contemplated in clause (c) of the proviso of Sec 138 of the Act

નુ ઠરાવેલ છે. સદર કામે તા. ૧૯/૦૮/૨૦૨૩ ની નોટિસ તા. ૨૧/૦૮/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે અને તેનુ કવર તા.૨૨/૮/૨૦૨૩ ના રોજ પરત ફરેલ છે.તેથી તે દિવસ થી 'કોઝ ઓફ એકશન' ઉભુ થયેલાનુ ગણીએ તો, સદર ફરીયાદ તા.૩/૧૦/૨૦૨૩ ના રોજ દાખલ કરેલ હોય, સમયમર્યાદામાં દાખલ કરેલ હોય બચાવપક્ષની દલીલ માનવાપાત્ર નથી. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે **C. C. ALAVI HAJI Vs PALAPETTY MUHAMMED & ANR{Appeal (crl.) 767 of 2007}** ના ચુકાદાના પેરા નં. ૧૫,૧૭ માં ઠરાવેલ છે કે,

> **15.** Insofar as the question of disclosure of necessary particulars with regard to the issue of notice in terms of proviso (b) of Sec.138 of the Act, in order to enable the Court to draw presumption or inference either under Section 27 of the G.C. Act or Sec.114 of the Evidence Act, is concerned, there is no material difference between the two provisions. In our opinion, therefore, when the notice is sent by registered post by correctly addressing the drawer of the cheque, the mandatory requirement of issue of notice in terms of Clause (b) of proviso to Sec.138 of the Act stands complied with. It is needless to emphasise that the complaint must contain basic facts regarding the mode and manner of the issuance of notice to the drawer of the cheque. It is well settled that at the time of taking cognizance of the complaint under Sec.138 of the Act, the Court is required to be prima facie satisfied that a case under the said Section is made out and the aforenoted mandatory statutory procedural requirements have been complied with. **It is then for the drawer to rebut the presumption about the service of notice and show that he had no knowledge that the notice was brought to his address** or that the address mentioned on the cover was incorrect or that the letter was never tendered or that the report of the postman was incorrect. In our opinion, this interpretation of the provision would effectuate the object and purpose for which proviso to Sec.138 was enacted, namely, to avoid unnecessary hardship to

> an honest drawer of a cheque and to provide him an opportunity to make amends.
>
> **17.** It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Sec.138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Sec.138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Sec.138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Sec.114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation. As observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Sec.138 of the Act.

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો પ્રમાણે ફરિયાદીએ જો સાચા સરનામે નોટીસ મોકલાવેલ હોય તો તે સદર કલમ અન્વયેની જરૂરિયાત પુર્ણ કરેલ છે.ત્યારબાદ જો ચેકનો લખનાર તેવી નોટીસ મળેલ નથી તેવો બચાવ કરે તો તે હકીકત તેને પુરવાર કરવી પડે. સદર કામે ફરીયાદ દાખલ કરતાં આરોપીને ફરીયાદમાં જણાવેલ સરનામે સમંસ કરવામાં આવેલ છે, જેની બજવણી થયેલ હોવાનુ રેકર્ડ ધ્યાને લેતાં જણાઈ આવે છે.હવે ફરિયાદીએ આરોપીને ફરિયાદમાં જણાવેલ સરનામે નોટીસ મોકલાવેલ છે,જે કવર પરત આવેલ છે. તે સંજોગોમાં સદર નોટીસ આરોપીને મળેલ ના હોવાનો બચાવ લે તો, તેવી હકીકત તેમને પુરવાર કરવી પડે, જે તેઓએ કરેલ નથી.તેમજ નોટીસ આપ્યા પછી પંદર દિવસ નો સમય એટલા માટે આપવામાં આવે છે કે નૈતીક માણસ દંડનીય કાર્યવાહી થી દંડાય નહી.આરોપીને નોટીસ ના મળી હોય તો પણ અદાલત નો સમન્સ ફરિયાદની કોપી સાથે મળે ત્યાર પછીના પંદર દિવસમાં રકમ ના ચુકવે તો નોટીસ મળી નથી તેવી તકરાર ઉઠાવી શકે નહીનુ ઠરાવેલ છે. તે સંજોગોમાં સદર દલીલ માનવાપાત્ર નથી.

**(૧૦.૬)** બચાવપક્ષે તેમની દલીલમાં અન્ય બચાવ વાદગ્રસ્ત રકમ અંશત: ચુકવી આપેલ હોવાનો લીધેલ છે.તે બાબતે તેઓએ ફરીયાદીની કરેલ ઉલટતપાસમાં, જો કોઈ વ્યકિતને નાણાં આપીએ અને તેમાથી કોઈ રકમ પરત આપે તો તે હકીકત નોટીસમાં જણાવવી જોઈએ? ના જવાબમાં જણાવેલ છે કે, તેમને તેવી કોઈ રકમ આપેલ જ નથી. તેઓનો મોબાઇલ નં.૯૭૨૭૭૦૯૦૭૨ છે. એ વાતની તેઓને ખબર નથી કે, આરોપીનાઓએ તેઓના સદર મોબાઇલમાં, મોબાઇલદ્વારા ઓનલાઇન જી–પે દ્વારા અલગ અલગ તારીખના રોજ કુલે રૂપિયા એકાણુ હજાર પરત કરેલ છે કે કેમ? આવી કોઇ રકમ જો જમા થયેલ હોય તો તેઓના એકાઉન્ટના સ્ટેટમેન્ટમાં જમા બતાવતી હોવાનું કબુલ રાખેલ છે.

હવે જો બચાવપક્ષ વાદગ્રસ્ત રકમ પૈકી ની રકમ ચુકવી આપેલ હોય તો પણ તેવી હકિકતો પુરવાર કરવાનો બોજો તેમના ઉપર છે. તેમજ તેઓએ સદર રકમ ઓનલાઇન પેમેન્ટ કરેલ હોય તો તે બાબતનો પુરાવો બચાવપક્ષ ને મળી શકે તેમ છે. તે હકિકતો તેઓ પુરવાર કરી શકે તેમ હતા, પરંતુ પુરવાર કરેલ ના હોય સદર દલીલ માનવાપાત્ર નથી.

**(૧૦.૭)** બચાવપક્ષે તેમની દલીલમાં નામ.સર્વોચ્ચ અદાલતના અને નામ.ઉચ્ચ અદાલતો ના ચુકાદાઓ ટાંકેલ છે. પરંતુ તે રજુ કરેલા નથી. તેમ છતાં સદર ચુકાદાઓ માં પ્રસ્થાપિત કરેલા સિંધ્ધાંતો માનસહ: વંચાણે લીધેલા છે.પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા પ્રમાણે તે ચુકાદાઓની હકિકત અને હાલ ના કેસની હકિકતો અલગ હોય સદર ચુકાદાઓ તેમને મદદરૂપ થાય તેમ નથી.

**૧૧.** આમ, ઉપરોકત તમામ ચર્ચાને આધીન આરોપીનાએ ફરિયાદીને તેઓની લેણી રકમ પેટે આંક–૧૮ વાળો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે.જેથી ધી એન.આઇ.એકટની કલમ ૧૩૯ અન્વયે ફરિયાદીની તરફેણમાં કાનુની અનુમાન કરવુ જરૂરી છે.જે અનુમાનનોનું ખંડન બચાવપક્ષે કરી શકેલ નથી. જેથી ફરિયાદીની તરફેણમાં કરેલ પ્રાથમિક અનુમાન આખરી અને નિર્ણાયક બને છે.જેથી ફરિયાદીને આરોપીનાએ લેણી રકમની ચુકવણી માટે વાદગ્રસ્ત ચેક આપેલ હતો. જે ચેક અપુરતા નાણાંના કારણે પરત થયેલ. જે બાદ આરોપીને કાયદેસરની નોટિસ આપેલ હોવા છતાં નોટિસમાં જણાવેલ સમયમાં કે તે બાદ ચેકની લેણી રકમ ચુકવી આપેલ નથી અને તેમ કરી આરોપીએ ધી એન.આઇ.એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફલિત થાય છે.તે સંજોગોમાં ફરિયાદપક્ષે મુકેલ આક્ષેપો

આરોપી સામે વાજબી શંકાથી પર પુરવાર કરેલ હોય મુદ્દા નં.(૧) નો જવાબ હકાર માં ઠરાવવામાં આવે છે.

**૧૨. સજાની માત્રા અને વળતર:**

**(૧૨.૧)**ફરિયાદીએ આરોપી સામે નેગો. કાયદા ની કલમ-૧૩૮ અન્વયે કેસ કરેલ છે. તેમાં ગુનાની સજાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, બે વર્ષની મુદ્દત સુધીની કેદની અથવા ચેકની બમણી રકમ સુધીના દંડની અથવા તે બંને શિક્ષાની જોગવાઈ કરેલ છે.નામ.સર્વોચ્ચ અદાલતે Triyambak S.Hegde Vs. Sripad reported as 2022(1) SCC 742 માં પોતાના અગાઉના ચુકાદો Kaushalya Devi Massand vs. Roopkishore Khore{(2011) 4 SCC 5) ટાંકીને ઠરાવેલ છે કે,The gravity of complaint under N.1 Act cannot be equated with an offence under the provisions of the IFC-1860 or other criminal offenses."

**(૧૨.૨)** હાલના કામે ફરિયાદપક્ષે વળતરની માંગણી કરેલ છે. ચેક ના કેસ માં વળતર બાબતે નામ. સર્વોચ્ચ અદાલતે **R. Vijayan vs. Baby & Anr., {2012 (1) SCC 260}** ના પેરા નં.

> "18. Having reached that stage, .. ......................As the provisions of Chapter XVII of the Act strongly lean towards grant of reimbursement of the loss by way of compensation, the Courts should, **unless there are special circumstances,** in all cases of conviction, uniformly exercise the power to levy fine upto twice the cheque amount (keeping in view the cheque amount and the simple interest thereon at 9% per annum as the reasonable quantum of loss) and direct payment of such amount as compensation. Direction to pay compensation by way of restitution in regard to the loss on account of dishonour of the cheque should be practical and realistic, which would mean not only the payment of the cheque amount but interest thereon at a reasonable rate. Uniformity and consistency in deciding similar cases by different Courts, not only increase the credibility of cheque as a negotiable instrument, but also the credibility of Courts of justice." નું ઠરાવેલ છે.

**હવે ફરિયાદીની ફરિયાદ હકિકત ધ્યાને લેતાં,** ફરિયાદએ આરોપીને કુલે રૂા.૯,૦૦,૦૦૦ હાથ ઉછીના આપેલ છે અને ઉઘરાણી કરતાં આરોપીએ ચેક આપેલ છે, હવે ફરિયાદી એ નાણાં વ્યાજે આપેલ નથી,તેઓએ માત્ર

મદદરૂપ થવા નાણાં આપેલ છે.તે સંજોગોમાં સદર વ્યવહાર ધંધાકીય વ્યવહાર ન હતો અને વળતર મેળવવા નો કોઈ ઈરાદો નહતો. તે તમામ હકિકતો ધ્યાને લેતો, બમણી રકમનો દંડ નહી કરવા માટે વાજબી કારણ છે. તે સંજોગોમાં આરોપી ચેકની રકમ દંડ તરીકે કોર્ટમાં જમા કરાવે અને તે રકમ ફરિયાદીને ચુકવી આપે તેવો વળતરનો હુકમ કરવાથી અને આરોપી સદર રકમ ચુકવી આપે તે માટે હળવી કેદની સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

ઉપરોકત તમામ હકીકત ધ્યાને રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે આરોપી **મંગળસિક્કા રેખાબેન અશોકભાઇ** નાઓને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવીને એક વર્ષની સાદી કેદની સજા નો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં હુકમ કરવામાં આવે છે કે,ચેકની રકમ દંડ પેટે આરોપીનાએ જમા કરાવવા અને તે રકમ ફરિયાદીને વળતર તરીકે ચુકવવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ચુકવે તો ત્રણ(૩) માસની સાદી કેદની સજા નો હુકમ કરવામાં આવે છે અને સદરહુ સજા મુળ સજા પુર્ણ થયેથી ભોગવવા ની રહેશે.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપીને આપવાની જજમેન્ટની વિના મુલ્યની નકલ આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીએ હાલના કામે અગાઉ કાચા કામના કેદી તરીકે કોઇ સજા ભોગવેલ હોય તો ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તા.**૨૭** મી, માહે **એપ્રિલ**, સને:**૨૦૨૬** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: ભાવનગર
તા.: ૨૭/૦૪/૨૦૨૬

**(જીતેન્દ્રકુમાર પ્રભુદાસ પ્રજાપતિ)**
બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
(સ્પે.નેગો.કોર્ટ–ભાવનગર)
**JUDGE CODE NO.GJ01121**